# ગાંધીનગર (દ)માં ભાજપમાં ભાંજગડ અને કોંગ્રેસમાં કમઠાણ

## ઉત્તર ગુજરાતના સૌથી મોટા મતવિસ્તારમાં શહેરી ગ્રામીણ અને પટેલ-ઠાકોર જ્ઞાતિના સમીકરણો લગોલગ હોવાથી બન્ને પક્ષો માટે પસંદગી શિરદર્દ છે : વિધાનસભાના ઉપાધ્યક્ષના મત વિસ્તારના કારણે જંગ પ્રતિષ્ઠાનો બનશે

ગાંધીનગર, તા. ૩૧

આગામી દિવસોમાં ગાંધીનગર દક્ષિણની બેઠકમાં જંગ પણ રસપ્રદ અને રસાકસીભર્યો બનશે. આમ તો ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા બન્ને પક્ષોમાં ભારે ખેંચતાણ વચ્ચે ચાલી રહી છે. ભાતીગળ ભાષામાં કહીએ તો ભાજપમાં ભાંજગડ છે અને કોંગ્રેસમાં કમઠાણ છે. આમ છતાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર આ વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતાં હોવાથી જંગ પ્રતિષ્ઠાનો બનશે. એનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. જો કે બે ટર્મથી વિધાનસભામાં બેસનાર શંભુજી ઠાકોરને ત્રીજી વખત ટીકીટ અપાશે કે કપાશે જેની ચર્ચા ભાજપના વર્તુળોમાં રસપૂર્વક ચાલી રહેલ છે. તો બીજી તરફ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુભાઈ પટેલ છેલ્લા બે વર્ષથી એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. આમ બન્ને પક્ષમાં લગભગ નિશ્ચિત ગણાતી બાજી અલ્પેશ ઠાકોરના કોંગ્રેસ પ્રવેશ બાદ પલટાઈ છે. કોણ કયા પક્ષમાંથી ટીકીટ મેળવવા નસીબદાર બને છે એ તો આગામી દિવસો જ સ્પષ્ટ કરશે.

**કોઈ રાજકીય અપસેટ ના સર્જાય તો શંભુજી ઠાકોર અને ડો. હિમાંશુ પટેલ વચ્ચેનો ચૂંટણીજંગ લગભગ નિશ્ચિત છે**

ઉત્તર ગુજરાતમાં સૌથી મોટો ગણાતો વિસ્તાર એટલે ગાંધીનગર દક્ષિણ વિધાનસભા મતવિસ્તાર. ૩ લાખ નેવુ હજાર મતદારો ધરાવતા મત વિસ્તારમાં ત્રણસોને ઓગણચાલીસ મતદાન મથકો પર મતદાન થશે. ઠાકોર મતદારોના પ્રભુત્વવાળા વિસ્તારમાં ચાંદખેડા અને મોટેરા જેવા શહેરી વિસ્તારો હોવાથી ક્યાં કોણ ફાવશે એ કળવું મુશ્કેલ છે. સાથોસાથ પટેલ મતદારોની પણ ભારે બોલબાલા હોવાથી સમગ્ર વિસ્તારમાં રાજકીય માહોલ ઉત્તેજનાત્મક બની રહ્યો છે. કુડાસણથી ચાંદખેડા અને નાના ચિલોડાથી ચંદ્રાલા સુધીનો શહેરી ગ્રામીણ વિસ્તાર કોઈ પક્ષનો ગઢ નથી બની રહ્યો.

ભારતીય જનતા પક્ષમાં ઉમેદવાર તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરનું નામ મોખરે છે. સરળ સ્વભાવ અને કર્તવ્યનિષ્ઠ સંભુજી ઠાકોર સમગ્ર વિસ્તારમાં ભારે લોકચાહના ધરાવે છે. જો કોંગ્રેસ પણ ઠાકોર ઉમેદવાર મુકે તો ભાજપમાં પુનઃ વિચારણાને અવકાશ છે એમ રાજકીય ગણિત મંડાય છે. ગાંધીનગર જિલ્લા ભાજપના મહામંત્રી અને રૂદ્રાક્ષ હોસ્પિટલના ચેરમેન હિતેન્દ્ર પટેલનું નામ પણ ભારે વિશ્વાસપૂર્વક ચર્ચાઈ રહ્યું છે. ઠાકોરના વિકલ્પે પટેલની

● અનુસંધાન પાન-૬ પર

### ભાજપ પક્ષના પ્રબળ દાવેદાર ઉમેદવારો



### કોંગ્રેસ પક્ષના પ્રબળ દાવેદાર ઉમેદવારો



# જિલ્લામાં ૪૯ ટકા મહિલા મતદારો છે

## આ વખતની ચૂંટણીમાં મહિલા મતદારોનું મતદાન હુકમનુ પાનુ બનશે : મોંઘવારીથી તેઓ ત્રસ્ત હોઈ તેમનુ મતદાન મહત્વનું રહેશે તેવુ રાજકીય પંડિતો માની રહ્યા છે

ગાંધીનગર, તા. ૩૧

જિલ્લામાં નોંધાયેલા મતદારોમાં ૪૯ ટકા મહિલા મતદારો છે અને મહિલા મતદારોનું મતદાન એ નિર્ણાયક બનશે તેવા રાજકીય ગણિત રાજકીય આગેવાનો માંડી રહ્યા છે. રાજકીય આગેવાનો આ ગણિતનું મહત્વ સમજાવતાં કહે છે કે મોંઘવારીથી સૌથી વધુ ત્રસ્ત મહિલાઓ થઈ છે અને તેથી તેમનુ મતદાન આ વખતની ચૂંટણીમાં હુકમનો સિક્કો પુરવાર થશે.

જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તાર પૈકી ચાર વિધાનસભા મત વિસ્તારમાં ૧, લાખ ૪૭હજારથી લઈ ૧ લાખ સાત હજાર મહિલા મતદારો નોંધાયેલ છે. જ્યારે દહેગામ એક માત્ર વિધાનસભા મતવિસ્તાર એવો છે જ્યાં મહિલા મતદારોની સંખ્યા ૯૭,૯૪૫ છે. સૌથી વધુ મહિલા મતદારો ગાંધીનગર (દ) બેઠક પર છે જેની સંખ્યા ૧,૪૭,૩૦૩ છે. આ પછી ગાંધીનગર (ઉ) બેઠક આવે છે. જ્યાં મહિલા મતદારોની સંખ્યા ૧,૧૧,૪૮૫ છે. આ પછી કલોલ બેઠક આવે છે જ્યાં ૧,૦૭,૯૮૧ અને માણસા બેઠક પર ૧,૦૨,૬૬૬ મહિલા મતદારો નોંધાયેલ છે.

જિલ્લામાં મહિલા મતદારોએ નામ નોંધણીમાં સૌથી વધુ જાગૃતિ દાખવી હતી અને ટકાવારીમાં તેઓ અગ્રેસર રહી છે. જિલ્લામાં પાંચ વર્ષમાં ૧૨ ટકા મતદારો વધ્યા છે પણ મહિલા મતદારોની વૃદ્ધિનો દર ૧૩ ટકાથી ઉપરનો રહ્યો છે.

# ગાંધીનગર (ઉ) બેઠક માટે ગિરીશ ત્રિવેદીની કોંગ્રેસમાંથી દાવેદારી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના અગ્રણી કોંગ્રેસી કાર્યકર અને જાણીતા આર્કીટેક ગિરીશ ત્રિવેદીએ ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક પર પોતાની દાવેદારી નોંધાવી છે. તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતા ગિરીશભાઈ અલંગ શીપયાર્ડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગાંધીનગર શહેરના સ્થાપનાકાળથી વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ ગિરીશભાઈ ત્રિવેદી કોંગ્રેસ પક્ષમાં બહોળો મિત્રવર્ગ ધરાવે છે. વિધાનસભાના નિવૃત્ત નાયબ સચિવ અનુભાઈ ત્રિવેદીના સુપુત્ર તથા ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સના પુર્વ રિઝયોનલ મેનેજર રૂબિનભાઈ ત્રિવેદીના લઘુબંધુ ગિરીશભાઈ ત્રિવેદીને શહેરમાં સ્થાનિક સંપર્કો પણ વ્યાપક છે. ગાંધીનગર ઉત્તરની બેઠક માટે કોંગ્રેસ મોવડીમંડળ સમક્ષ પ્રબળ રજુઆત કરી વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



સર્વેને નૂતન વર્ષાભિનંદન
વર્ષાબેન વિપુલભાઈ પટેલ
જીલ્લા પંચાયત સદસ્ય મોયદ
મુ.પો.મોયદ, તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા.

નૂતન વર્ષાભિનંદન
પટેલ મણીભાઈ ઈશ્વરભાઈ
ચેરમેન સાબરકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિ
ડિરેક્ટર સાબરડેરી, સાબરકાંઠા જિલ્લા કોગ્રેસ પ્રમુખ
ચેરમેન અંબાવાડા દૂધ ઉત્પાદક મંડળી
વાઈસ ચેરમેન ભલાભાઈ નાથાભાઈ ભરવાડ
સેક્રેટરી દિનેશભાઈ કે.પટેલ

સર્વેને નૂતન વર્ષાભિનંદન
સ્વરાજ કન્સ્ટ્રકશન
પ્રો.હિતેન્દ્રસિંહ ડી.રાઠોડ
(ગર્વમેન્ટ કોન્ટ્રાકટર)
મો.૯૭૧૨૮ ૭૦૨૩૪
પૂર્વ- યુવા પ્રમુખ પ્રાંતિજ ભાજપા
સદસ્ય-મોયદ વાસ નાથાજી ગ્રામ પંચાયત
મુ.પો.મોયદ તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા.
(નાથાજીવાસ-દરબાર ગઢ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# જિલ્લામાં યુવા મતદારોની બોલબાલા

## નોંધાયેલા મતદારો પૈકી ૫૦ ટકાથી વધુ મતદારો ૧૮ થી ૪૦ વર્ષની વય જૂથના છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ યુવા મતદારોની બોલબાલા છે. જિલ્લામાં નોંધાયેલા ૧૧,૬૯,૪૪૭ મતદારો પૈકી ૮,૩૫,૦૯૧ મતદારોની વય ૫૦થી પણ નાની છે.

જિલ્લામાં ૩૦ થી ૩૯ વર્ષની આયુ ધરાવતા મતદારો સૌથી વધુ છે જેની સંખ્યા ૩,૦૧,૯૦૦ છે. આ પછી બીજા ક્રમે ૨૦ થી ૨૯ વર્ષની આયુ ધરાવતા મતદારો આવે છે જેમની સંખ્યા ૨,૬૭,૭૭૧ છે. જ્યારે ૪૦ થી ૪૯ વર્ષની આયુ ધરાવતા મતદારોની સંખ્યા ૨,૩૦,૬૦૦ છે.

રસપ્રદ તારણ એ છે કે ગાંધીનગર (દ)માં ૭૮૭૧૨ મતદારોની વય ૩૦ થી ૪૦ થી તો ૬૯,૭૨૭ મતદારોની વય ૨૦ થી ૨૯ વર્ષની છે અને ૮,૬૪૩ મતદારોની વય ૧૮ થી ૧૯ની છે. આમ એક લાખ ૫૦ હજારથી પણ વધુ મતદારો માત્ર ૧૮ થી ૪૦ વર્ષની વયના છે જે સમગ્ર જિલ્લામાં વધુ છે.

ગાંધીનગર (ઉ)માં ૧૮ થી ૪૦ વર્ષની વયના મતદારોની સંખ્યા ૧, લાખ ૧૫ હજાર જેટલી છે. માણસામાં પણ એક લાખ ૬ હજાર મતદારો કરતાં વધુની વય ૧૮ થી ૪૦ વર્ષની છે. કલોલમાં એક લાખ ૧૭ હજાર કરતાં આ વયના મતદારો વધુ છે અને દહેગામમાં એક લાખ પાંચ હજાર જેટલા મતદારો આ વય જૂથના છે.

જિલ્લામાં નોંધાયેલા ૧૧,૬૯,૪૪૭ મતદારો પૈકી ૫૦ ટકાથી વધુ મતદારો ૧૮ થી ૪૦ વર્ષની વયના છે. આમ યુવા મતદારોનો બનેલા આ જિલ્લામાં યુવા ઉમેદવારો પર જ પસંદગી ઉતારાય તેવો સામાજિક માહોલ બનેલ છે.

જિલ્લામાં ૫૦ થી ૮૦ કે તેથી ઉપરની વય ધરાવતા મતદારોની સંખ્યા ૩,૩૪,૩૫૬ છે. જેમાં ૬૦ થી ૭૦ વર્ષની વયના મતદારોની સંખ્યા ૯૯,૫૩૪ છે. જ્યારે ૫૦ થી ૬૦ વર્ષની વયના મતદારોની સંખ્યા ૧,૭૧,૧૦૭૯ છે.

૭૦ થી ૮૦ વર્ષની વયના મતદારોની સંખ્યા ૪૮,૪૮૭ છે તો ૮૦ થી ઉપરની વય ધરાવતા મતદારોની સંખ્યા ૧૪,૫૫૬ છે.

જિલ્લામાં ૩૪,૮૨૦ મતદારો આ ચૂંટણીમાં પ્રથમવાર તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. ૧૮ થી ૧૯ વર્ષની વયના સૌથી વધુ મતદારો ગાંધીનગર (દ) બેઠક પર નોંધાયા છે જે સંખ્યા ૮૬૪૩ છે જ્યારે બીજા ક્રમે કલોલ આવે છે જેની સંખ્યા ૬૯૨૬ તો દહેગામમાં ૬૯૧૭, માણસામાં ૬૨૮૮ અને ગાંધીનગરમાં ૬૦૪૬ મતદારો આ વયજૂથના છે. ગાંધીનગર શહેર એ નોલેજસીટી તરીકે ઉભરી રહ્યુ છે પણ પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોની સંખ્યામાં તે સૌથી છેલ્લા ક્રમે જિલ્લામાં આવે છે. જે દર્શાવે છે કે નવા મતદારોની નોંધણીમાં આ વિસ્તારમાં ઉદાસીનતા વધુ જોવા મળી છે.

Floors Glow, Luxuries Grow
Make this Diwali SPECIAL!
Go for SIGNOVA, Add some LUXURY TO LIFE!
EXPLORING A NEW DIMENSION, INTRODUCING
600X900MM
LUXURY CATEGORY
SIGNOVA Super Value Tiles
AIRONA TILES
www.signovatiles.com

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# પ્રધાનમંત્રી મોદી પાંચ લાખ મહિલાઓ સાથે સંવાદ કરશે

## ૨૭ હજાર મહિલા કાર્યકર્તાઓએ કરાવ્યુ રજિસ્ટ્રેશન,૧૦ નવેમ્બર બાદ સંવાદ થઈ શકે છે

ન્યુ દિલ્હી,તા.૩૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જ્ઞાતિ આધારિત સમીકરણોને કોરાણે મૂકીને ભાજપ મહિલા મતાદાતાઓ પર દારોમદાર બાંધી આગળ વધવાનું મુનાસિબ માન્યું છે. અગાઉ આનંદીબેન, સુષ્મા સ્વરાજે મહિલાઓ સાથે સંવાદ કર્યા બાદ હવે પીએમ મોદી અમદાવાદમાં ટાઉનહોલમાં ૫ લાખ મહિલાઓની સાથે વાર્તાલાપ કરશે, તેમ જાણવા મળ્યું છે. આ માટે ગુજરાત ભાજપ દ્વારા છેવટનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે.

ગુજરાતમાં મહિલા મતદારોને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા મહિલાલક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદમાં ટાઉનહોલમાં પીએમ મોદી ૫ લાખ મહિલાઓ સાથે વાર્તાલાપ કરે તે માટે તેટલી વિશાળ સંખ્યામાં મહિલાઓને એકત્રિત કરવા માટે પાર્ટી દ્વારા પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. જોકે પીએમ મોદી ગુજરાતથી જ સંબોધન કરશે કે દિલ્હીથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન કરશે તે હાલ નિશ્રિત નથી. આ હાલમાં આ પર કામ ચાલી રહ્યું છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com